સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ ખાતે મંજૂર થયેલ-03 વિભાગીય વિશ્લેષણ સમિતિઓ તથા ગાંધીનગર, સુરત તથા વડોદરા ખાતે મંજૂર થયેલ 03 વિજીલન્સ સેલ માટે વાહન સુવિધા, માળખાકીય સુવિધાઓ તથા કચેરી માટે થનાર આનુષાંગિક ખર્ચ માટેની નવી બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અજપ/૧૧૨૦૨૧/ન.બા.૧/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૩/૦૬/૨૦૨૧

<u>વંચાણે લીધા :-</u>

(૧) આ વિભાગનો તા.૦૬/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક-અજપ/૧૧૨૦૨૦/ન.બા.૪/ચ
(૨) આ વિભાગનો તા.૦૭/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૧૯/ન.બા.૩/ચ
(૩) કમિશનરશ્રી(આ.વિ.)ની કચેરીનો પત્ર નં.આવિ/તા.સ./ફા.નં.૪૫૭૮/૨૦૨૧/૨૪૫થી૨૪૬, તા. ૨૫/૦૧/૨૦૨૧.

<u>આમુખ:</u>

રાજયમાં અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ધારકોના કિસ્સામાં શંકાસ્પદ પ્રમાણપત્રોની ખરાઈ અને માન્યતા નક્કી કરવા માટે વંચાણે લીધા ક્રમાંક-(૧) થી સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ એમ 03(ત્રણ) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ અને સુરત અને ગાંધીનગર એમ ૦૨(બે) વિજીલન્સ સેલ તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૨)થી વડોદરા ખાતે કાર્યરત વિભાગીય વિશ્લેષણ સમિતિ માટે વિજીલન્સ સેલની રચના કરવામાં આવેલ છે.

સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ ખાતે મંજૂર થયેલ 03(ત્રણ) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ તથા ગાંધીનગર, સુરત અને વડોદરા ખાતે મંજૂર થયેલ 03(ત્રણ) વિજીલન્સ સેલ માટે વાહન સુવિધા, માળખાકીય સુવિધાઓ તથા કચેરી માટે થનાર આનુષાંગિક ખર્ચ માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે (૧) સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ ખાતે મંજૂર થયેલ ૩(ત્રણ) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ તથા ગાંધીનગર, સુરત અને વડોદરા ખાતે મંજૂર થયેલ ૩(ત્રણ) વિજીલન્સ સેલ માટે વાહન સુવિધા માટે વાહનદીઠ રૂ.૮.૦૦ લેખે ૬ વાહનના અનાવર્તક ખર્ચ પેટે રૂ.૪૮.૦૦ લાખ (૨) સમિતિ અને સેલની કચેરીઓના મકાનના રીપેરીંગ/નવીનીકરણ માટે અનાવર્તક ખર્ચ પેટે રૂ.૩૦.૦૦ લાખ અને (૩) નવી શરૂ થનાર કચેરીઓ માટે આનુષાંગિક પરચુરણ ખર્ચ માટે આવર્તક ખર્ચ પેટે રૂ.૨૨.૦૦ લાખ મળી રૂ. ૧૦૦.૦૦ લાખની (અંકે રૂપિયા સો લાખ પુરા)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૯) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

આ અંગેની આનુષાંગિક તમામ કામગીરી કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૭/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, વડોદરા
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર